For live updates : **Like** /Gujaratmitra | **Follow** /Gujaratmitra | /Gujaratmitr | **Subscribe** /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



## સુરતમાં વિકાસની રફતાર, ભેંસાણ ડેપો સુધીનો મેટ્રો બ્રિજ તૈયાર

■ સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. ભેંસાણ ડેપો સુધી મેટ્રો ટ્રેન દોડાવવા માટે તૈયાર થઈ રહેલો વિશાળ એલિવેટેડ બ્રિજ શહેરના વિકાસની નવી ઓળખ બની રહ્યો છે. પિલર અને તેના પર તૈયાર થઈ રહેલા બ્રિજનું કામ મેટ્રોના આગામી તબક્કાની પ્રગતિ દર્શાવે છે. આ બ્રિજ તૈયાર થયા બાદ ભેંસાણ ડેપો સુધી મેટ્રો સેવા શરૂ કરવાનો માર્ગ મોકળો બનશે. આકાશને આંબતી મેટ્રોની આ રચના સુરતના બદલાતા શહેરી પરિવહન અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઝલક રજૂ કરી રહી છે. **(તસવીર : હેમંત ડેરે)**

**CNG ના ભાવમાં 6 મહિનામાં ચોથીવાર ભાવ વધ્યા ,ઓટો-રિક્ષા સહિત ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધશે**

# CNGના ભાવમાં 5 રૂપિયાનો વધારો ઝીંકાયો

**રવિવારે** મધરાતથી નવો ભાવ વધારો લાગુ થશે

**દક્ષિણ** ગુજરાતના 3.34 લાખ CNG વાહનચાલકોએ 93.76 રૂપિયા ચૂકવવા પડશે

**CNG** ના ભાવમાં 6 મહિનામાં ચોથીવાર ભાવ વધ્યા

સુરત,અમદાવાદ : સુરત,ભરૂચ, અંકલેશ્વર, નવસારી અને વલસાડ સહિત દક્ષિણ ગુજરાતમાં CNG સપ્લાયનું સૌથી મોટું નેટવર્ક ધરાવનાર ગુજરાત સરકાર હસ્તકની ગુજરાત એનર્જી લિમિટેડ (ગુજરાત ગેસ લિમિટેડ) કંપનીએ CNGના ભાવમાં ફરી એકવાર મોટો વધારો જાહેર કર્યો છે.CNG ના ભાવમાં 6 મહિનામાં ચોથીવાર ભાવ વધારો જાહેર કર્યો છે.આ વખતે 16 નવેમ્બરે રાતે 12 વાગ્યાથી અમલમાં આવે એ રીતે કિલો દીઠ CNG ગેસના ભાવમાં સીધો 5 રૂપિયાનો વધારો જાહેર કર્યો છે.એ મુજબ 16 નવેમ્બર રાતે 12 વાગ્યાથી સુરત સહિત દક્ષિણ ગુજરાતના 3.34 લાખ CNG વાહનચાલકોને આજથી કિલો ગેસના 93.76 રૂપિયા ચૂકવવા પડશે.

કિલો CNG ગેસના દરમાં સીધા 5 રૂપિયાના ભાવ વધારાથી ઓટો-રિક્ષા સહિત ટ્રાન્સપોર્ટેશન ખર્ચ ખૂબ વધશે. સ્કૂલ ઓટો,સ્કૂલ વેનનું માસિક ભાડું વધતા કારમી મોંઘવારી એનું ભારણ વાલીઓની કમર પર આવશે.સુરતમાં ચાલતી શટલ રિક્ષાના ભાવમાં પણ વધારો થશે. સુરતમાં ચાલતા ખાનગી CNG વાહનો વપરાશ કરતા પરિવારો પર પણ ભાવ વધારાનો બોજ આવશે.કપની એ વર્ષ 2026 માં મે,જુલાઈ, ઓગસ્ટ પછી હવે 15 નવેમ્બર ના રોજ નવો ભાવ વધારો જાહેર કર્યો છે.છેલ્લે 17 ઓગસ્ટ 2026 ના રોજ કિલો દીઠ ગેસનો ભાવ 3.75 રૂપિયા વધારી 88.76 રૂપિયા ભાવ કર્યો હતો.આજે એમાં સીધો 5 રૂપિયાનો ભાવ વધારો જાહેર કરી નવો ભાવ 93.76 રૂપિયા કિલો દીઠ જાહેર કર્યો છે.કંપનીના સૂત્રોએ જણાવ્યું હતું કે,મિડલ ઈસ્ટ યુદ્ધને લીધે CNG ગેસ સપ્લાય ખોરવાઈ છે.આંતરરાષ્ટ્રીય માર્કેટમાં CNG ગેસના ભાવ વધતા કંપનીએ આ ભાવ વધારો ગ્રાહકો, વપરાશકર્તાઓ પર પાસઓન કર્યો છે.ખાસ કરીને હોર્મુઝની ખાડી મારફતે થતી ગેસ તથા LNGની દરિયાઈ હેરફેર અને સપ્લાયમાં વિક્ષેપને કારણે ગેસની ઉપલબ્ધતા તથા ખર્ચ પર દબાણ વધ્યું

...અનુસંધાન પાના 5 પર

### સુરત - દ.ગુ.માં છેલ્લા 6 મહિનામાં CNG ગેસના ભાવમાં 10.75 રૂપિયા ભાવ વધ્યા

- 16 મે 2026 કિલો દીઠ CNG ગેસનો ભાવ 2 રૂપિયા વધી 83.01 થયો.
- 20 જુલાઈ 2026 કિલો દીઠ CNG ગેસનો ભાવ 2 રૂપિયા વધી 85.01 થયો.
- 17ઓગસ્ટ 2026 કિલો દીઠ CNG ગેસનો ભાવ 3.75 રૂપિયા વધી 88.76 રૂપિયા થયો.
- 15 નવેમ્બર 2026 કિલો દીઠ CNG ગેસનો ભાવ સીધો 5 રૂપિયા વધી 93.76 રૂપિયા થયો

### સ્કૂલ વાહનો અને પેસેન્જર વાહનોનો પરિવહણ ખર્ચ વધશે

CNGના ભાવમાં વધારો થતાં માત્ર વાહનચાલકો પૂરતા જ તેની અસર મર્યાદિત નહીં રહે, પરંતુ માલ પરિવહન અને પેસેન્જર ટ્રાન્સપોર્ટના ખર્ચ પર પણ તેની અસર પડવાની શક્યતા છે. ગુડ્ઝ વાહનો અને ટ્રાન્સપોર્ટરોના ઈંધણ ખર્ચમાં વધારો થતાં માલસામાનના પરિવહન ભાડામાં વધારો થવાની શક્યતા છે.શહેરમાં ઓટો રિક્ષા તથા અન્ય CNG આધારિત જાહેર પરિવહનના સંચાલકો માટે પણ ખર્ચ વધશે. પરિણામે આગામી દિવસોમાં મુસાફરીના ભાડા અથવા માલ પરિવહનના દરમાં ફેરફાર કરવાની માગ ઊઠી શકે છે.



# અમદાવાદના જુહાપુરામાંથી ડ્રગ બનાવવાની લેબોરેટરી ઝડપાઇ

**પ્રવાહી** અને પાવડર સ્વરૂપમાં 27.55 ગ્રામ એમડી ડ્રગ્સ મળ્યું

**મકાન** માલિક અને સૂત્રધાર મુદસ્સર અહેમદ ખાનની અટકાયત

**બોપલની** કોફી શોપ સુધી તપાસનો રેલો પહોંચ્યો

અમદાવાદ : અમદાવાદના જુહાપુરામાં રહેણાક મકાનના ભોંયરામાં જ નશાના કાળા કારોબારની ગુપ્ત લેબોરેટરી ધમધમતી હતી. બહારથી સામાન્ય મકાન અને અંદર ભોંયરામાં પ્રતિબંધિત મેફેડ્રોન (MD) ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી સહિતની વ્યવસ્થાનો પર્દાફાશ થયો છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) ના અમદાવાદ ઝોનલ યુનિટે ગુજરાત પોલીસ સાથે મળીને હાથ ધરેલા 'ઓપરેશન સિન્થેટિક ડ્રગ'માં આ ગુપ્ત લેબોરેટરીનો પર્દાફાશ કર્યો છે. સરખેજના ગ્યાસપુર વિસ્તારમાં મોહમ્મદી પાર્ક નજીક આવેલા મકાનમાંથી 130.613 કિલોગ્રામ રસાયણો અને વિવિધ લેબોરેટરીનાં સાધનો જપ્ત કરવામાં આવ્યાં છે. એટલું જ નહીં, મકાનના ડ્રોઅરમાંથી પ્રવાહી અને પાવડર સ્વરૂપમાં કુલ 27.55 ગ્રામ એમડી ડ્રગ્સ પણ મળી આવ્યું છે. આ મામલે મકાન માલિક મુદસ્સર અહેમદ ખાનની

...અનુસંધાન પાના 5 પર



### આ લેબોરેટરીના સાધનો કબજે લેવાયા

હીટિંગ મેન્ટલ્સ
ડિજિટલ મેગ્નેટિક સ્ટિરર્સ
પિપેટ્સ, રાઉન્ડ બોટમ ફ્લાસ્ક
ડ્રોપિંગ ફનલ, સેપરેટિંગ ફનલ
બીકર્સ, સ્ટેન્ડ્સ, સ્પીડ રેગ્યુલેટર્સ
તાપમાન માપવાનાં સાધનો

### મકાન માલિકની અટકાયત, બોપલની કોફી શોપમાં પણ તપાસ

આ સમગ્ર કાર્યવાહી દરમિયાન મકાન માલિક મુદસ્સર અહેમદ ખાનની અટકાયત કરવામાં આવી છે. તપાસમાં આરોપી બોપલ વિસ્તારમાં કોફી શોપ પણ ચલાવતો હોવાનું સામે આવતાં NCBની ટીમે ત્યાં પણ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. કોફી શોપ અને જુહાપુરામાં મળી આવેલી ગુપ્ત લેબોરેટરી વચ્ચે કોઈ નાણાકીય કે અન્ય પ્રકારની કડી છે કે કેમ, તે દિશામાં તપાસ ચાલી રહી છે. જોકે, કોફી શોપની સંડોવણી અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિષ્કર્ષ જાહેર કરવામાં આવ્યો નથી.

### રહેણાક મકાનના ભોંયરામાં ગુપ્ત લેબોરેટરી

એનસીબી અમદાવાદ ઝોનલ યુનિટને ચોક્કસ બાતમી મળ્યા બાદ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એનસીબીની ટીમે 'ઓપરેશન સિન્થેટિક ડ્રગ' શરૂ કરીને સરખેજ રોડ, ગ્યાસપુર, અંબર ટાવર, 100 ફૂટ રિંગ રોડ, કેનાલ પાછળ આવેલા લબ્બૈલ પાર્ક વિસ્તારમાં મકાન નંબર L-2/13 ખાતે તપાસ હાથ ધરી હતી. મકાન મુદસ્સર અહેમદ ખાનનું હોવાનું તપાસમાં સામે આવ્યું છે. ટીમે મકાનના ભોંયરામાં તપાસ કરતાં મેફેડ્રોન (MD)ના ગેરકાયદે ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાતી હોવાની આશંકા ધરાવતી ગુપ્ત લેબોરેટરી મળી આવી હતી. અહીં વિવિધ પ્રકારનાં રસાયણો, કેમિકલ્સ અને ડ્રગ્સના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાતાં સાધનો મળી આવ્યાં હતાં.

### પ્રવાહી અને પાવડર સ્વરૂપમાં એમડી ડ્રગ્સ મળ્યું

દરોડા દરમિયાન મકાનના એક ડ્રોઅરમાંથી મેફેડ્રોન મળી આવ્યું હતું. જેમાં પ્રવાહી સ્વરૂપમાં 26.85 ગ્રામ પદાર્થ મળી આવ્યો હતો, જોકે તેમાં કાચની શીશીનું વજન પણ સામેલ છે. જ્યારે પાવડર સ્વરૂપમાં 0.70 ગ્રામ MD ડ્રગ્સ મળી આવ્યું હતું. આમ, બંને સ્વરૂપમાં કુલ 27.55 ગ્રામ શંકાસ્પદ મેફેડ્રોન જપ્ત કરવામાં આવ્યું છે.

# હરીપુરામાંથી 1.85 લાખના એમડી સાથે કાપડ વેપારીની પત્ની ઝડપાઈ

**યોગેશ** રેપ સહિત બે સપ્લાયરો વોન્ટેડ, રોકડ અને મોબાઇલ સહિત રૂ.2.33 લાખનો મુદ્દામાલ કબજે

સુરતઃ લાલગેટ પોલીસે હરીપુરા કાંસકીવાડ સ્થિત બાગ-એ-અબ્દુલ રહેમાન એપાર્ટમેન્ટના ફ્લેટમાં દરોડો પાડી 61.780 ગ્રામ મેફેડ્રોન, રોકડ રકમ અને મોબાઇલ ફોન સહિત કુલ રૂ.2,33,940નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ પ્રકરણમાં કાપડ વેપારીની પત્ની રૂબીના યુનુસ ઉમર પઠાણ નામની મહિલાની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ડ્રગ્સનો જથ્થો સપ્લાય કરનાર યોગેશ રેપ સહિત બે શખ્સોને વોન્ટેડ જાહેર કરી પોલીસે તેમની શોધખોળ હાથ ધરી છે. લાલગેટ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. મોહસિન હુસૈન સૈયદ અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે હરીપુરા કાંસકીવાડમાં મસ્જિદે યુસુફની બાજુમાં

...અનુસંધાન પાના 5 પર

### વોટ્સએપ મારફતે ડ્રગ્સનું નેટવર્ક ચલાવતી હતી

રિમાન્ડ દરમિયાન પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે મહિલાનો પતિ આ જ વિસ્તારમાં કાપડનો વેપાર કરે છે. ટૂંકા સમયમાં વધુ નાણાં કમાવવાની લાલચમાં મહિલા લાંબા સમયથી ડ્રગ્સના ગેરકાયદે કારોબારમાં સંડોવાયેલી હતી. તે વોટ્સએપ મારફતે ગ્રાહકો પાસેથી ડ્રગ્સના ઓર્ડર મેળવતી હોવાનું પણ બહાર આવ્યું છે. પોલીસે મહિલાના મોબાઇલ ફોનમાંથી વોટ્સએપ ચેટના આધારે ડ્રગ્સની ડિલિવરીનું લિસ્ટ મેળવી આ નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય લોકો સુધી પહોંચવા વધુ તપાસ હાથ ધરી છે.

### સિટીલાઇટ રોડ પરથી 36 ગ્રામ ચરસ સાથે પેડલર ઝડપાયો

સુરતઃ ઉમરા પોલીસે સિટીલાઇટ વિસ્તારમાંથી 36 ગ્રામ ચરસ સાથે એક યુવકને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી ચરસ ઉપરાંત મોબાઇલ ફોન અને મોપેડ મળી કુલ રૂ.24 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ચરસનો જથ્થો પૂરો પાડનાર પનાસ ગામના દિપેશ સપકાલને પોલીસે વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે. સિટીલાઇટ રોડ ઉપર જાની લોચાની ગલી પાસે મોપેડ લઈને ઊભેલા એક યુવકની હિલચાલ પોલીસને શંકાસ્પદ જણાઈ હતી. પોલીસને જોઈને તેણે ભાગવાનો પ્રયાસ કરતાં પોલીસકર્મીઓએ તેને કોર્ડન કરી ઝડપી લીધો હતો.

...અનુસંધાન પાના 5 પર

# અમરોલીમાં 1100 લિટર એસિડ રસ્તા પર ઢોળાયું

**વેદાંત** સર્કલ પાસે હાઇડ્રોક્લોરિક એસિડ ભરેલું ટેનકર પલટી ગયું



સુરતઃ અમરોલી વેદાંત સર્કલ પાસે રવિવારે સાંજે હાઇડ્રોક્લોરિક એસિડ ભરેલું કન્ટેનર અચાનક પલટી જતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. કન્ટેનરમાં ભરેલું આશરે 1100 લિટર એસિડ રસ્તા પર ઢોળાઈ ગયું હતું. એસિડના કારણે હવામાં ફેલાતા ધુમાડા અને તેની તીવ્ર અસરને પગલે લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમ દોડી ગઈ હતી અને સલામતીના પગલાં સાથે કામગીરી હાથ ધરી હતી.

બનાવની પ્રાપ્ત માહિતી મુજબ, પાનોલી જીઆઈડીસીથી હજીરા પોર્ટ તરફ જઈ રહેલું આ કન્ટેનર પાનોલીની સિદ્ધાર્થ કંપનીનું હતું. દરમિયાન વેદાંત સર્કલ પાસે અન્ય કોઈ વાહન ઓવરટેક કરી રહ્યું હોવાથી કન્ટેનરના ચાલકે અચાનક યુ-ટર્ન લેવા પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન કન્ટેનરનું સંતુલન ખોરવાતાં તે રસ્તા પર પલટી મારી ગયું હતું. કન્ટેનરમાં એસિડ ભરેલા બેરલ હતા, જેમાંથી આશરે 1100 લિટર હાઇડ્રોક્લોરિક એસિડ રસ્તા પર ઢોળાઈ ગયું હતું. અમરોલી


...અનુસંધાન પાના 5 પર


**દુઃખદ અવસાન – બેસણું**



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા બહેનશ્રી
**લખીબેન સામુભાઈ પટેલ** નું
તા: ૧૫-૧૧-૨૦૨૬ રવિવારના રોજ અવસાન થયેલ છે.
પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...
**સદગતનું બેસણું : તા.૧૬/૧૧/૨૦૨૬ ને સોમવારના રોજ**
**સમય : સવારે ૧૧ : ૦૦ થી ૦૧ : ૦૦ કલાકે**
સરસાણા ગામ મુકામે રાખેલ છે.
**સ્વ. લખીબેન સામુભાઈ પટેલ**
જન્મ તા. ૨૦-૦૪-૧૯૪૬
સ્વ. તા. ૧૫-૧૧-૨૦૨૬
ભીખુભાઈ જબરભાઈ પટેલ
છનાભાઈ જબરભાઈ પટેલ

**દ્વિતીય પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ**



કેટલાક સંબંધો શબ્દોથી નહીં, પણ હૃદયની લાગણીઓથી જીવંત રહે છે. વર્ષો વીતશે, સમય બદલાશે, પણ તેમની ખોટ ક્યારેય ઓછી નહીં થાય. તેમના સંસ્કાર, પ્રેમ અને આશીર્વાદ સદાય પરિવારનું માર્ગદર્શન કરતા રહેશે.
પ્રભુ તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એવી પ્રાર્થના...
**સ્વ. ભુલાભાઈ ગોવિંદભાઈ પટેલ**
સ્વ.તા.૧૬/૧૧/૨૦૨૪
ગં. સ્વ. રેવાબેન ભુલાભાઈ પટેલ (પત્ની)
શૈલેષભાઈ ભુલાભાઈ પટેલ (પુત્ર)
જ્યોતિબેન શૈલેષભાઈ પટેલ (પુત્રવધુ)
રિકેન શૈલેષભાઈ પટેલ (પૌત્ર)
દક્ષાબેન – બળદેવભાઈ પટેલ (પુત્રી–જમાઈ)
મીનાબેન – ઉમેશભાઈ પટેલ (પુત્રી–જમાઈ)

**દુઃખદ અવસાન – બેસણું**



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા માતૃશ્રી
**લખીબેન સામુભાઈ પટેલ** નું
તા: ૧૫-૧૧-૨૦૨૬ રવિવારના રોજ અવસાન થયેલ છે.
પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...
**સદગતનું બેસણું : તા.૧૬/૧૧/૨૦૨૬ ને સોમવારના રોજ**
**સમય : સવારે ૧૧ : ૦૦ થી ૦૨ : ૦૦ કલાકે**
અમારા નિવાસ સ્થાન કોલુ ફળિયું, ગામ ભીમરાડ, સુરત મુકામે રાખેલ છે.
**સ્વ. લખીબેન સામુભાઈ પટેલ**
જન્મ તા. ૨૦-૦૪-૧૯૪૬
સ્વ. તા. ૧૫-૧૧-૨૦૨૬
ભીખુભાઈ સામુભાઈ પટેલ (પુત્ર)
મનીષાબેન ભીખુભાઈ પટેલ (પુત્રવધુ)
દિવ્યકુમાર ભીખુભાઈ પટેલ (પૌત્ર)

**॥ આઠમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ ॥**



મૃત્યુ થવું એ સમયની વાત છે, પરંતુ મૃત્યુ પછી પણ હૃદયમાં જીવિત રહેવું એ કરેલા કર્મની વાત છે. તમારો હસતો ચહેરો અને સારો સ્વભાવ અમારા હૃદયમાં કાયમ જીવંત રહેશે.
ભગવાન આપના દિવ્ય આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.
**સ્વ. જીવણભાઈ** દુલ્લભભાઈ પટેલ
સ્વ. તા. ૧૬.૧૧.૨૦૧૮
**સ્વ. દેવિયાનીબેન જીવણભાઈ પટેલ**
સ્વ.કમલેશભાઈ જીવણભાઈ પટેલ
ક્લેશ જીવણભાઈ પટેલ
હર્ષિતા કમલેશભાઈ પટેલ
વત્સલ કમલેશભાઈ પટેલ
ગં.સ્વ. નિલમબેન કમલેશભાઈ પટેલ
ચૈતાલીબેન ક્લેશભાઈ પટેલ
આકાંક્ષા ક્લેશભાઈ પટેલ
વેદાંશી ક્લેશભાઈ પટેલ
સ્થળ : પટેલ ફળિયું, ભીમરાડ ગામ, સુરત.

**ચોથી પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ**



અંજલિ આપતા હૈયુ તુટે છે,
શ્રધ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે,
કલ્પી ન શકાય તેવી તારી વિદાય
સહુનાં કાળજા કંપાવી ગઈ.
પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ
અમારા સૌની પ્રાર્થના...
**સ્વ. દિવ્યેશ હરીશભાઈ રાણા**
જન્મ તા. ૨૬-૦૭-૧૯૭૮
સ્વ. તા. ૧૬-૧૧-૨૦૨૨
હરીશભાઈ પ્રાણજીવનદાસ રાણા (પિતા)
ગં.સ્વ. શ્રેયા દિવ્યેશ રાણા (પત્ની)
છાયાબેન અશોકકુમાર રાણા (બેન)
દિવ્યા અજયકુમાર રાણા (બેન)
જય, પાર્થ, નિકીતા, નૂપુર (ભાણેજ)
ભાનુબેન હરીશભાઈ રાણા (માતા)
દિવ્યાંશ દિવ્યેશ રાણા (પુત્ર)
અશોકકુમાર ડાહ્યાભાઈ રાણા (બનેવી)
અજયકુમાર નટવરલાલ રાણા (બનેવી)
તથા સમસ્ત રાણા પરિવાર

**અવસાન,બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પગડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**
**ફ્રીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



**દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ**
**શ્રદ્ધાંજલિ...**
તારૂ ઓજસ પંચતત્ત્વમાં
વિલીન થઈ ગયું,
માત્ર રહી ગઈ તારી સુવાસ,
તારી સુવાળી યાદો
કાયમ માટે અમર થઈ ગઈ,
સુશીલ તારૂં સ્મિત ક્યારેય ના ભુલાય,
તારા પ્રેમ ભર્યા સ્વભાવનો અભાવ
સારી જીંદગી રહેશે. તારા કૌટુંબીક
ભાવનાનું તો પુછવું જ શું ?
તારી કમી તો કદિયે નહી પૂરાય,
પણ તારા હોવાનો અહેસાસ
હંમેશા અમારા સૌના વચ્ચે રહેશે,
તું હંમેશા અમારી વાતોમાં અને
યાદોમાં જીવીત રહેશે. તું માત્ર
એક વ્યકિત નહી પણ અમારા
આંખોનો તારો હતો...
**સ્વ. સુશીલભાઈ પરભુભાઈ ભાજીવાળા**
(એડવોકેટ)
સ્વ. તા. ૧૫.૧૧.૨૦૨૪
શ્રી મનોજભાઈ હીરાભાઈ પટેલ (એડવોકેટ)
શ્રીમતી ડીમ્પલ મનોજભાઈ પટેલ
શ્રી તેજસભાઈ હીરાભાઈ પટેલ (એડવોકેટ)
શ્રીમતી હેતલ તેજસભાઈ પટેલ
કિશ – ફેયા – નેત્ર

**ચોથી માસિક પૂણ્યતીથીએ ભાવભીની**
**શ્રદ્ધાંજલિ...**



હયાત માતા–પિતાની છત્ર છાયમાં,
વ્હાલપનમાં બે વેણ બોલીને, નીરખી લેજો,
હોઠ અડાધા બીડાય ગયા પછી,
ગંગાજળ મૂકીને શું કરશો...
માતા–પિતાનો ખજાનો
ભાગ્યશાળી સંતાનને મળે,
અડસઠ તિરથ તેના ચરણોમાં
બીજા તિરથના ફરશો,
સ્નેહની ભરતી આવીને ચાલી જશે પલમાં,
પછી કિનારે છીપલાં વીણીને શું કરશો...
પૈસા ખર્યતા સદ્યળુ મળશે,
મા–બાપ નહીં મળે, ગયો સમય નહી આવે,
લાખો કમાઈને શુ કરશો,
પ્રેમથી હાથ ફેરવીને બેટા કહેનાર નહીં મળે,
પછી ઉછીનો પ્રેમ લઈને, આસું સારીને શું કરશો...
Miss You Dada
**સ્વ. અમૃતભાઈ છીમકાભાઈ પટેલ (છબુભાઈ)**
જન્મ તા. ૧૦/૦૮/૧૯૫૯
સ્વ.તા. ૧૬/૦૭/૨૦૨૬
અષાઢ સુદ બીજ ગુરૂવાર
ગં.સ્વ. ઈન્દુબેન અમૃતભાઈ પટેલ
દેવ પટેલ
હેત પટેલ
સિધ્ધી પટેલ
ટીશા પટેલ
આરાધ્યા પટેલ
અયાન પટેલ
જય જલારામ

**દુઃખદ અવસાન – બેસણું**



**સ્વ. મીનાબેન અરવિંદભાઈ ગાંધી**
દિલગીરી સાથે જણાવવાનું કે મારા પત્ની/ માતૃશ્રી **મીનાબેન અરવિંદભાઈ ગાંધી** નું તા.૧૫/૧૧/૨૦૨૬ ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
**સદ્ગતનું બેસણું : તા. ૧૬/૧૧/૨૦૨૬ ને સોમવારે સવારે ૯ થી ૧૧ સુધી (BPAH) ભારતીય પોલીટેકનીક ઈન હસબન્ડરી ભારતીયા વિદ્યાસંકુલ, શ્રી સુરત પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત**
અરવિંદભાઈ ચંપકલાલ ગાંધી
મનોજ અને પ્રીતી ગાંધી
વેશાલી જીતેન્દ્ર ગાંધી
અભિષેક અને ખુશ્બુ ગાંધી
દીપ અને ચેરીલ ગાંધી
મૃગેશ અને શૈલી ગાંધી
રિયા જીતેન્દ્ર ગાંધી
અલ્પેશ અને પૂજા ગાંધી
રક્ષા નરેશ ગાંધી
હેલીના નરેશ ગાંધી
ધ્રુવી અલ્પેશ ગાંધી
કપિલ અને જેની ગાંધી
હેનિલ અને ઋત્વી ગાંધી
રિયાન, હેરિક્ષ, દેવસ્ય, ઝિવીકા, ધ્રુવિશ અને વેદ
Gandhi Group of Industries